જાહેર માર્ગો પર ગંદકીનું સામ્રાજ્ય

સ્માર્ટ વડોદરાના સ્વચ્છતાના દાવાઓ વોર્ડ નં.1માં કચરાના ઢગલા નીચે દટાયા

તંત્રની ઘોર નિષ્ક્રિયતા સામે સ્થાનિક રહીશોમાં ભારે આક્રોશ: રોગચાળો ફેલાવવાની દહેશત

(પ્રતિનિધિ) વડોદરા તા.2

એક તરફ વડોદરા મહાનગરપાલિકા દ્વારા 'સ્વચ્છ ભારત' અને 'સ્વચ્છ વડોદરા'ના મોટા-મોટા દાવાઓ કરીને કરોડો રૂપિયાના ધુમાડા કરવામાં આવી રહ્યા છે, ત્યારે બીજી તરફ શહેરના વોર્ડ નં. ૧ માંથી સામે આવેલી વાસ્તવિકતા તંત્રની કામગીરીની પોલ ખોલી રહી છે. આ વિસ્તારમાં 'સ્માર્ટ સિટી' અને 'સ્વચ્છતા' માત્ર કાગળ પર જ સીમિત રહી ગઈ હોય તેવા વરવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. વોર્ડ નં. ૧ ના મુખ્ય માર્ગો પર જ કચરાના મોટા-મોટા ગંજ ખડકાયેલા જોવા મળે છે, જે પાલિકાના પોકળ દાવાઓની જીવતી-જાગતી સાક્ષી પૂરી રહ્યા છે.

સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર, જાહેર રોડ પર કચરો નાખવા માટે તંત્ર દ્વારા કોઈ યોગ્ય ડસ્ટબિનની વ્યવસ્થા કરવામાં આવી નથી કે નથી અહીં નિયમિત સફાઈ થતી. પરિણામે, સમગ્ર વિસ્તારમાં ગંદકીનું સામ્રાજ્ય ફેલાયું છે. આ ગંદકીના કારણે ત્યાંથી પસાર થતા રાહદારીઓ અને વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. કચરાના સડતા ઢગલામાંથી આવતી અસહ્ય દુર્ગંધને કારણે સ્થાનિકોનું જીવવું દુષ્કર બન્યું છે. ચોમાસાની ઋતુ નજીક હોય ત્યારે આ ગંદકીના લીધે સમગ્ર વિસ્તારમાં રોગચાળો ફેલાવવાનો ભય સ્થાનિકોને સતાવી રહ્યો છે. શહેરના અન્ય વિસ્તારોમાં સફાઈ અભિયાનના નામે ફોટો સેશન કરતી પાલિકાની વોર્ડ નં. ૧ પ્રત્યેની આ દુર્દશા તંત્રની ઘોર નિષ્ક્રિયતા અને આળસ દર્શાવે છે. વારંવારની રજૂઆતો છતાં તંત્રના બહેરા કાન સુધી જનતાનો અવાજ પહોંચતો નથી, જેને કારણે સ્થાનિક જનતામાં તંત્ર સામે ભારે આક્રોશ અને રોષ જોવા મળી રહ્યો છે. હવે જોવાનું એ રહેશે કે, આ વિકટ પરિસ્થિતિ મીડિયાના માધ્યમથી પ્રકાશમાં આવ્યા બાદ પણ કોર્પોરેશનનું તંત્ર કુંભકર્ણની નિદ્રામાંથી જાગી ઢગલાનો કાયમી નિકાલ કરશે?

બિસ્માર રસ્તાઓ પર વાહનચાલકો અકસ્માતનો ભોગ બન્યા, મકરપુરામાં કીચડથી હાલાકી

સામાન્ય વરસાદે ખોલી પાલિકાની પોલ: મકરપુરામાં કીચડ, નવાયાર્ડમાં ફરી પડ્યો ભુવો

નવાયાર્ડમાં છ મહિના પહેલાં પૂરેલો ભુવો ફરી ધસી પડતાં તંત્ર સામે લોકોમાં રોષ

(પ્રતિનિધિ) વડોદરા તા.2

ચોમાસાની શરૂઆતમાં જ પડેલા સામાન્ય વરસાદે વડોદરા મહાનગરપાલિકાની પ્રી-મોન્સૂન કામગીરીના દાવાઓની પોલ ખોલી નાખી છે. શહેરના મકરપુરા અને નવાયાર્ડ વિસ્તારમાં રસ્તાઓની દયનીય હાલત સામે આવતાં વાહનચાલકો અને સ્થાનિકોમાં ભારે રોષ ફેલાયો છે.

મકરપુરા હવેલી ચાર રસ્તા નજીક વરસાદ બાદ સમગ્ર માર્ગ કીચડથી ખદબદી ઉઠ્યો છે. મોટા ખાડાઓમાં પાણી ભરાઈ જતાં ટુ-વ્હીલર ચાલકો માટે અકસ્માતનો ખતરો વધી ગયો છે. સીસીટીવી ફૂટેજમાં અનેક વાહનચાલકો કીચડમાં સ્લીપ થઈ રસ્તા પર પટકાતા જોવા મળ્યા છે. સ્થાનિકોનું કહેવું છે કે મહિલાઓ, વિદ્યાર્થીઓ અને રોજિંદા મુસાફરોને સૌથી વધુ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. સમયસર માર્ગનું સમારકામ ન થતાં લોકોમાં તંત્ર સામે નારાજગી વ્યાપી છે.

બીજી તરફ નવાયાર્ડના લાલપુરા વિસ્તારમાં મુખ્ય માર્ગ પર ફરી એકવાર મોટો ભુવો પડતાં રસ્તો બેરિકેડથી બંધ કરાયો છે. નોંધનીય છે કે આ જ સ્થળે છ મહિના અગાઉ 15થી 20 ફૂટ લાંબો ભુવો પૂરવામાં આવ્યો હતો. ગટર અને પાણીની લાઇનમાં લીકેજને કારણે અહીં વારંવાર ભુવા પડતા હોવાના આક્ષેપ સ્થાનિકોએ કર્યા છે. અગાઉ પણ આ સ્થળે અકસ્માતમાં એક યુવકનું મોત થયું હતું.

સ્થાનિકોએ નબળી ગુણવત્તાના કામ માટે જવાબદારો સામે કાર્યવાહી કરવાની તેમજ પ્રી-મોન્સૂન કામગીરીની નિષ્પક્ષ તપાસ કરી કાયમી ઉકેલ લાવવાની માંગ કરી છે.

હડફ નદીના પુલ પાસે અજાણ્યા આઈસરે ટક્કર મારી બોલેરો પલ્ટી ખાધી

લીમખેડા નજીક નેશનલ હાઈવે પર અકસ્માત MGVCLની રીકવીઝીટ બોલેરોના ચાલકનું મોત

આઈસર ચાલક અકસ્માત સર્જી ફરાર

(પ્રતિનિધિ) દાહોદ તા.2

દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકામાં ઈન્દોર-અમદાવાદ હાઈવે પર ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો છે. પાલ્લી ગામે હડફ નદીના પુલ પાસે MGVCLની સેવામાં કાર્યરત રીકવીઝીટ કરાયેલી ખાનગી બોલેરો ગાડીને અજાણ્યા આઈસર ચાલકે જોરદાર ટક્કર મારતા ગાડી પલ્ટી ખાઈ ગઈ હતી. અકસ્માતમાં બોલેરોના ચાલકનું ગંભીર ઈજાઓના કારણે મોત નીપજ્યું છે. જ્યારે અકસ્માત સર્જી આઈસર ચાલક વાહન સાથે ફરાર થઈ ગયો હોવાનું સામે આવ્યું છે.

વીઓ : પ્રાપ્ત માહિતી મુજબ, પાલ્લી ગામે હડફ નદીના પુલ નજીક પુરઝડપે આવી રહેલા અજાણ્યા આઈસરે MGVCL માટે ફરજ બજાવતી ખાનગી બોલેરોને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. ટક્કરના કારણે બોલેરો પલ્ટી ખાઈ ગઈ હતી અને ચાલકને ગંભીર ઈજાઓ પહોંચી હતી. મૃતકની ઓળખ દલાભાઈ બારીયા તરીકે થઈ છે. તેઓ MGVCL દ્વારા 24 કલાક માટે રીકવીઝીટ કરવામાં આવેલી ખાનગી બોલેરોના ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા હતા. અકસ્માત એટલો ગંભીર હતો કે ગંભીર ઈજાઓને કારણે તેમનું મોત નીપજ્યું હતું.અકસ્માત બાદ આઈસરનો અજાણ્યો ચાલક વાહન સાથે સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં લીમખેડા પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. આ મામલે લીમખેડા પોલીસે અજાણ્યા આઈસર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. સાથે જ ફરાર વાહનચાલકને શોધવા માટે અલગ-અલગ દિશામાં તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે.

GAT-B ૨૦૨૬માં વડોદરાની હાર્દી ઝાંઝેનો શાનદાર દેખાવ

ઓલ ઈન્ડિયા 218મો રેન્ક, કેટેગરીમાં 19મો ક્રમાંક મેળવી શહેરનું ગૌરવ વધાર્યું

(પ્રતિનિધિ) વડોદરા, તા. 2

વડોદરાની એક ખાનગી યુનિવર્સિટીની બી.એસસી. બાયોટેક્નોલોજીની વિદ્યાર્થિની હાર્દી ઝાંઝે**એ રાષ્ટ્રીય કક્ષાની ગ્રેજ્યુએટ એપ્ટિટ્યુડ ટેસ્ટ-બાયોટેક્નોલોજી (GAT-B) 2026માં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને શહેરનું ગૌરવ વધાર્યું છે. તેણીએ પરીક્ષામાં 158.5 ગુણ મેળવી ઓલ ઈન્ડિયા 218મો રેન્ક મેળવ્યો છે, જ્યારે કેટેગરીમાં 19મો ક્રમાંક મેળવી ઓપન કેટેગરીનું કટ-ઓફ પણ સફળતાપૂર્વક ક્વોલિફાય કર્યું છે.

હાર્દીએ મે-2026માં ફેકલ્ટી ઓફ એપ્લાયડ સાયન્સમાંથી બી.એસસી. બાયોટેક્નોલોજીનો અભ્યાસ પૂર્ણ કર્યો છે. અભ્યાસ દરમિયાન પણ તેણીએ સતત શ્રેષ્ઠ દેખાવ કર્યો હતો. ચોથા સેમેસ્ટરમાં યુનિવર્સિટીમાં દ્વિતીય સ્થાન મેળવવા બદલ તેને સિલ્વર મેડલ એનાયત કરવામાં આવ્યો હતો, જ્યારે આગામી કોન્વોકેશનમાં વધુ સન્માન મળવાની સંભાવના છે.

હાર્દીએ જણાવ્યું કે તેનું લક્ષ્ય વેક્સીન ડેવલપમેન્ટ ક્ષેત્રે સંશોધન કરીને વૈજ્ઞાનિક તરીકે દેશની સેવા કરવાનું છે. GAT-Bમાં મળેલી આ સફળતાથી હવે તેને દેશની અગ્રણી સંસ્થાઓમાં એમ.એસસી. બાયોટેક્નોલોજીમાં પ્રવેશ મેળવવાની તક મળશે.

તેણીની આ સિદ્ધિ બદલ પરિવારજનો, મિત્રો તેમજ યુનિવર્સિટીના પ્રાધ્યાપકોમાં આનંદની લાગણી છવાઈ ગઈ છે. હાર્દીની સફળતા અન્ય વિદ્યાર્થીઓ માટે પણ પ્રેરણારૂપ બની છે.

વિવિધ તબીબી ક્ષેત્રના ડોક્ટરો અને મેડિકલ ટોપર્સને પ્રમાણપત્ર-સ્મૃતિચિહ્ન અર્પણ

રાષ્ટ્રીય ડોક્ટર દિવસ નિમિત્તે બ્રહ્માકુમારીઝ અટલાદરામાં અગ્રણી ડોક્ટરોનું સન્માન

'સ્વસ્થ ડોક્ટર, સ્વસ્થ સમાજ'નો સંદેશ; રાજયોગથી માનસિક સ્વાસ્થ્ય મજબૂત બને: ડો. અરુણાદીદી

(પ્રતિનિધિ) વડોદરા, તા. 2

રાષ્ટ્રીય ડોક્ટર દિવસ નિમિત્તે બ્રહ્માકુમારીઝની મેડિકલ વિંગ દ્વારા અટલાદરા સેવા કેન્દ્ર ખાતે અગ્રણી ડોક્ટરો અને વિવિધ મેડિકલ કોલેજોના ટોચના વિદ્યાર્થીઓના સન્માનનો કાર્યક્રમ યોજાયો હતો. એલોપેથી, હોમિયોપેથી, આયુર્વેદ, નેચરોપેથી અને ફિઝિયોથેરાપી ક્ષેત્રે સેવારત ડોક્ટરોને સમાજ પ્રત્યેના યોગદાન બદલ પ્રમાણપત્ર અને સ્મૃતિચિહ્ન આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમમાં GMERS મેડિકલ કોલેજના મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. અનૂપ ચંદનાની, SSG હોસ્પિટલના એડિશનલ ડીન ડૉ. જીવરાજ ડામોર, IMAના પ્રમુખ ડૉ. મિતેશ શાહ, સેક્રેટરી ડૉ. મેહુલ જી સહિત અનેક અગ્રણી ડોક્ટરો ઉપસ્થિત રહ્યા હતા. સેવા કેન્દ્રના સહ-નિર્દેશક બી.કે. પૂનમદીદીએ મહેમાનોનું સ્વાગત કર્યું હતું.

બી.કે. ડૉ. અરુણાદીદીએ જણાવ્યું કે ડોક્ટરો દર્દીઓની સેવા માટે સતત કાર્યરત રહે છે, તેથી તેમના શારીરિક સ્વાસ્થ્યની સાથે માનસિક સ્વાસ્થ્ય પણ એટલું જ મહત્વનું છે. રાજયોગ ધ્યાન આત્મબળ, સકારાત્મકતા અને આંતરિક શાંતિનો વિકાસ કરવામાં મદદરૂપ બને છે.

ડૉ. મિતેશ શાહે જણાવ્યું કે સફળતા સાથે માનસિક શાંતિ પણ જરૂરી છે અને દરેક ડોક્ટરે યોગને જીવનનો ભાગ બનાવવો જોઈએ. ડૉ. અનૂપ ચંદનાની અને ડૉ. જીવરાજ ડામોરે પણ યોગ અને માનસિક સ્વાસ્થ્યના મહત્વ પર ભાર મૂક્યો હતો. કાર્યક્રમના અંતે વિવિધ મેડિકલ કોલેજોના પ્રતિનિધિઓ, તબીબી ટોપર્સ અને ઉપસ્થિત ડોક્ટરોનું સન્માન કરવામાં આવ્યું હતું.

ICAIની સ્થાપના દિવસ નિમિત્તે વ્યાવસાયિક નિષ્ઠા અને નૈતિક મૂલ્યો પર ભાર

CA રાષ્ટ્ર નિર્માણના મજબૂત આધારસ્તંભ માંજલપુરમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ડેની ઉજવણી

યુવાનોને ચાર્ટર્ડ એકાઉન્ટન્સીને કારકિર્દી તરીકે અપનાવવાની કરાઈ અપીલ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 2

માંજલપુર સ્થિત સંજય સી. શાહ એન્ડ કંપની ખાતે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ડે નિમિત્તે ગૌરવપૂર્ણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વરિષ્ઠ સીએ સંજયભાઈ શાહ, CGCTCના પ્રમુખ એડવોકેટ વિજયભાઈ શાહ, પૂર્વ પ્રમુખ દીપકભાઈ અમીન, હર્ષભાઈ પરીખ, દીપકભાઈ ગાયવાલા, સીએ પ્રાચીબેન પરીખ સહિત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, ટેક્સ પ્રોફેશનલ્સ અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

વક્તાઓએ જણાવ્યું હતું કે 1 જુલાઈ, 1949ના રોજ સ્થાપિત ICAI આજે વિશ્વની અગ્રણી વ્યાવસાયિક સંસ્થાઓમાં સ્થાન ધરાવે છે. દેશના અર્થતંત્ર, કરવેરા વ્યવસ્થા, કોર્પોરેટ ગવર્નન્સ અને નાણાકીય પારદર્શિતાને મજબૂત બનાવવામાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સનું યોગદાન મહત્વપૂર્ણ છે. તેઓ માત્ર હિસાબી નિષ્ણાત જ નહીં, પરંતુ સુશાસન અને રાષ્ટ્ર નિર્માણના સક્રિય ભાગીદાર પણ છે.

પ્રસંગે દીપકભાઈ ગાયવાલાએ *Inspired Daily Wisdom for Holistic Living* પુસ્તક ભેટ આપી એડવોકેટ વિજયભાઈ શાહ અને દીપકભાઈ અમીનનું સન્માન કર્યું હતું. વક્તાઓએ જણાવ્યું કે દેશમાં હાલમાં આશરે 4.23 લાખ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ છે, જેમાંથી 1.55 લાખ પ્રેક્ટિસિંગ છે. યુવાનોને ચાર્ટર્ડ એકાઉન્ટન્સીને કારકિર્દી તરીકે અપનાવી વિકસિત ભારતના નિર્માણમાં યોગદાન આપવા અપીલ કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે વ્યાવસાયિક નિષ્ઠા, નૈતિક મૂલ્યો અને રાષ્ટ્રહિતને સર્વોપરી રાખીને કાર્ય કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરવામાં આવી.

ભારતીય શિક્ષણ દિવસે વ્યાખ્યાન

'વિકસિત ભારત ૨૦૪૭' માટે મૂલ્યઆધારિત શિક્ષણ જરૂરી

બરોડા સંસ્કૃત મહાવિદ્યાલય અને શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસના સંયુક્ત ઉપક્રમે આયોજન

(પ્રતિનિધિ) વડોદરા, તા. 2

બરોડા સંસ્કૃત મહાવિદ્યાલય, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી તથા શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસ, નવી દિલ્હીના સંયુક્ત ઉપક્રમે ભારતીય શિક્ષણ દિવસ નિમિત્તે 'વિકસિત ભારત 2047 : રાષ્ટ્ર નિર્માણમાં શિક્ષણની ભૂમિકા' વિષયક વ્યાખ્યાન મૃણાલિની દેવી પુઆર ઓડિટોરિયમ ખાતે યોજાયું હતું.

પ્રો. હિતેશ રવિયાએ સ્વાગત પ્રવચનમાં ભારતીય જ્ઞાન પરંપરા અને સંસ્કાર આધારિત શિક્ષણના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. કુલસચિવ પ્રો. કે.એમ. ચુડાસમાએ જણાવ્યું હતું કે શિક્ષણ માત્ર રોજગાર મેળવવાનું સાધન નહીં, પરંતુ ચારિત્ર્ય નિર્માણ, સામાજિક જવાબદારી અને રાષ્ટ્ર વિકાસનું સશક્ત માધ્યમ છે. મુખ્ય વક્તા ડો. વશિષ્ઠધર જયપ્રકાશ દ્વિવેદીએ જણાવ્યું કે ભારતને વિશ્વગુરુ બનાવવા માટે શિક્ષણમાં મૂલ્યો, સંસ્કાર અને રાષ્ટ્રીય ચેતનાનું સંકલન અનિવાર્ય છે. તેમણે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020ના અસરકારક અમલ, માતૃભાષાના સંરક્ષણ, ભારતીય જ્ઞાન પરંપરા, વૈદિક ગણિત, પર્યાવરણ શિક્ષણ અને ચારિત્ર્ય નિર્માણ જેવા વિષયો પર માર્ગદર્શન આપ્યું હતું.

કાર્યક્રમમાં વિવિધ ફેકલ્ટીના ડીનો, પ્રાચાર્યો, અધ્યાપકો, સંશોધકો, વિદ્યાર્થીઓ અને શિક્ષણપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા. અંતે ડો. પ્રફુલ પુરોહિતે આભારવિધિ વ્યક્ત કરી હતી.

પ્રિન્સિપાલ અને વિભાગીય વડાઓએ વૃક્ષો વાવી પર્યાવરણ જતનનો સંદેશ આપ્યો

MSU પોલીટેકનિક કેમ્પસમાં વૃક્ષારોપણ હરિયાળા કેમ્પસનો લેવાયો સંકલ્પ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 2

એમ.એસ. યુનિવર્સિટીના પોલીટેકનિક કેમ્પસ ખાતે પર્યાવરણ સંરક્ષણના ઉદેશ સાથે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં પ્રિન્સિપાલ, વિવિધ વિભાગોના વડાઓ, શિક્ષકો, કર્મચારીઓ અને વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

પ્રિન્સિપાલ તથા વિભાગીય વડાઓએ એક-એક વૃક્ષનું વાવેતર કરી પર્યાવરણ જાળવવાનો સંદેશ આપ્યો હતો. સિવિલ, મિકેનિકલ, પી.સી.ટી. અને ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ વિભાગોના નામ સાથે વૃક્ષોને ટેગ લગાવી તેમના જતનની જવાબદારી નક્કી કરવામાં આવી હતી. પ્રિન્સિપાલે નવા બિલ્ડિંગના પ્રવેશદ્વાર પાસે ઔદુમ્બરનું વૃક્ષ વાવ્યું, જ્યારે વિભાગીય વડાઓએ બોરસલ્લીના રોપા અને ડિપ્લોમા ઇન આર્કિટેક્ચર આસિસ્ટન્ટશિપના વિદ્યાર્થીઓએ વડનું વૃક્ષ રોપ્યું હતું.

કાર્યક્રમના આયોજનમાં ઇકો-ક્લબના મેન્ટર્સ અને વિદ્યાર્થી સ્વયંસેવકોએ મહત્વની ભૂમિકા ભજવી હતી. સર્વ મંગલ ટ્રસ્ટ દ્વારા રોપા અને ટ્રી ગાર્ડ પૂરા પાડવામાં આવ્યા હતા. અંતે તમામ ઉપસ્થિતોએ વાવેલા વૃક્ષોનું નિયમિત જતન કરી કેમ્પસને વધુ હરિયાળું, સ્વચ્છ અને પર્યાવરણમૈત્રી બનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

દાહોદ રેલવે સ્ટેશન ઉપર ૧૨ મીટર પહોળા ફૂટ ઓવર બ્રિજના ગર્ડરનું સફળ લોન્ચિંગ

મુંબઈ-દિલ્હી વ્યસ્ત રૂટ પર ટ્રેન વ્યવહારને અસર કર્યા વિના પૂર્ણ થઈ જટિલ કામગીરી

(પ્રતિનિધિ) દાહોદ, તા. 2

પશ્ચિમ રેલવેના રતલામ મંડળ હેઠળ દાહોદ રેલવે સ્ટેશનના આધુનિકીકરણના ભાગરૂપે નિર્માણાધીન 12 મીટર પહોળા આધુનિક ફૂટ ઓવર બ્રિજ (FOB) ના ગર્ડરનું સફળતાપૂર્વક લોન્ચિંગ કરવામાં આવ્યું છે. મુંબઈ-દિલ્હી જેવા અતિ વ્યસ્ત રેલમાર્ગ પર એકપણ મુસાફર ટ્રેનના સંચાલનને અસર કર્યા વિના આ જટિલ કામગીરી પૂર્ણ થતાં રેલવે વિભાગની આયોજન ક્ષમતાની પ્રશંસા થઈ રહી છે.

રતલામ મંડળના જનસંપર્ક અધિકારી મુકેશ કુમારે જણાવ્યું હતું કે નવો ફૂટ ઓવર બ્રિજ દાહોદ રેલવે સ્ટેશનના તમામ પ્લેટફોર્મને તેમજ સ્ટેશનના બંને તરફ આવેલા સર્ક્યુલેટિંગ એરિયાને જોડશે, જેના કારણે મુસાફરોને પ્લેટફોર્મ બદલવામાં વધુ સુરક્ષા અને સરળતા મળશે.

આધુનિક ફૂટ ઓવર બ્રિજ પર ત્રણ લિફ્ટની સુવિધા પણ ઉપલબ્ધ કરાશે, જેનાથી વરિષ્ઠ નાગરિકો, દિવ્યાંગજનો, મહિલાઓ અને અન્ય મુસાફરોને અવરજવરમાં વિશેષ સહુલિયત મળશે. રેલવે વિભાગના જણાવ્યા મુજબ બ્રિજની કુલ લંબાઈ 71.20 મીટર છે, જેમાં પ્લેટફોર્મ નં. 1 અને 2 વચ્ચે 27.95 મીટર તેમજ પ્લેટફોર્મ નં. 3 અને 4 વચ્ચે 30 મીટરનો સ્પાન આવરી લેવામાં આવ્યો છે.

'એક પેડ માં કે નામ ૨.૦' અભિયાન હેઠળ શહેરને મળશે હરિયાળો ઓક્સિજન હબ

છાણીમાં એક લાખ વૃક્ષોનું વાવેતર, વડોદરામાં બનશે 'મિયાવાકી ફોરેસ્ટ'

જાપાનીઝ મિયાવાકી પદ્ધતિથી વિકસશે 'ડો. શ્યામા પ્રસાદ મુખર્જી અર્બન મિયાવાકી ફોરેસ્ટ'

(પ્રતિનિધિ) વડોદરા, તા. 2

વડોદરા શહેરને વધુ હરિયાળું, પર્યાવરણમૈત્રી અને પ્રદૂષણમુક્ત બનાવવાના હેતુથી વડોદરા મહાનગરપાલિકા દ્વારા 'એક પેડ માં કે નામ 2.0' અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આહવાનથી પ્રેરિત આ અભિયાન હેઠળ છાણી વિસ્તારમાં કેનાલ પાસે અંદાજે **એક લાખ વૃક્ષો**નું વાવેતર કરવામાં આવશે. કાર્યક્રમમાં શહેરના સાંસદ, મેયર, ધારાસભ્યો તથા સ્થાયી સમિતિના અધ્યક્ષ સહિતના મહાનુભાવોએ ઉપસ્થિત રહી પર્યાવરણ સંરક્ષણનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.

આ પ્રોજેક્ટ હેઠળ 'ડો. શ્યામા પ્રસાદ મુખર્જી અર્બન મિયાવાકી ફોરેસ્ટ' વિકસાવવામાં આવશે. જાપાનની મિયાવાકી પદ્ધતિ દ્વારા ઓછી જગ્યામાં ઝડપથી ઘન જંગલ તૈયાર કરી શકાય છે. આ પદ્ધતિથી વૃક્ષો સામાન્ય વાવેતર કરતાં અનેકગણી ઝડપે વિકાસ પામે છે, જેના કારણે ટૂંકા સમયમાં હરિયાળો વિસ્તાર તૈયાર થાય છે.

આ મિયાવાકી ફોરેસ્ટ ભવિષ્યમાં શહેર માટે મહત્વપૂર્ણ 'ઓક્સિજન હબ' તરીકે વિકસશે. તે હવાનું પ્રદૂષણ ઘટાડવા, શહેરી તાપમાનમાં ઘટાડો લાવવા અને સ્થાનિક જૈવવૈવિધ્યના સંરક્ષણમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. પક્ષીઓ, પતંગિયાં અને અન્ય જીવસૃષ્ટિને પણ કુદરતી આવાસ મળશે.

ભારતીય સ્ટેટ બેંક

એયએલસી સાઉથ, વડોદરા (૧૮૯૬૪)

બીજો માળ, ટાવર-એ, ઓફિસ નં. ૨૩૪-૨૪૧, એસડબલ્યુસી હબ, રાજપથ કોમ્પલેક્ષ સામે, વાસણા-ભાયલી મેઇન રોડ, ભાયલી, વડોદરા - ૩૯૧૧૪૦, ગુજરાત

કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)

[પરિશિષ્ટ-૪ - નિયમ-૮ (૧) એક્ટ હેઠળ]

જે મુજબ, નીચે સહી કરનાર **ભારતીય સ્ટેટ બેંક- એયએલસી- સાઉથ,** ના અધિકૃત અધિકારી છે, સિક્યુરીટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઇન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ અને સિક્યુરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના નિયમ-૩ સાથે વાંચતાં કલમ ૧૩ (૧૨) હેઠળ મળેલ સત્તાને અધિન રહી તારીખ **૨૯-૦૧-૨૦૨૬** ના રોજ બોરોઅર/સ **શ્રીમતી અરૂણાબેન રાજેશ તલસાણીયા ને ડિમાન્ડ નોટિસ પાઠવવામાં આવેલ અને નોટિસમાં નિર્દિષ્ટ રકમ રૂા.૨૩,૩૭,૧૨૧.૦૦ (રૂપિયા ત્રેવીસ લાખ સાડત્રીસ હજાર એકસો એકવીસ પૂરા) તારીખ ૨૮-૦૧-૨૦૨૬** સુધીના, **લોન એકાઉન્ટ નં. ૩૬૧૭૫૩૫૦૨૬૪** સામે બાકી નીકળે છે વત્તા વધારાનું વ્યાજ અને પ્રાસંગિક ખર્ચા ચૂકવી આપવા જણાવાયેલ. આપશ્રીને ઉપરોક્ત રકમ સહિત્ કોન્ટ્રાક્ટ દરે વધારાનું વ્યાજ, પ્રાસંગિક ખર્ચા, કોસ્ટ, ચાર્જિસ વગેરે વધારાના વ્યાજ, કોસ્ટ, ખર્ચા ઉપરોક્ત નોટિસ મળ્યા તારીખથી ૬૦ દિવસમાં પરત ચૂકવી આપવા જણાવાયેલ.

બોરોઅર આ રકમ પરત ચુકવવામાં નિષ્ફળ ગયેલ છે. આથી બોરોઅર, કાયદેસરના વારસદારો (જાણમાં હોય - જાણમાં ના હોય) કાયદેસરના પ્રતિનિધિઓ (જાણમાં હોય - જાણમાં ના હોય), ગેરન્ટર અને જાહેર જનતાને આ સાથે નોટિસ આપી જણાવાય છે કે નીચે સહી કરનાર દ્વારા નામદાર સીજેએમ કોર્ટ આદેશ નં. ૩૫૩૪/૨૦૨૬ મુજબ અહીં નીચે નિર્દિષ્ટ મિલકતનો, ઉપરોક્ત ધારાની કલમ ૧૩ (૪) હેઠળ, નિયમ-૮ સાથે વાંચતા **૨૮ જૂન, ૨૦૨૬** ના રોજ **પ્રત્યક્ષ કબજો** મેળવી લેવાયેલ છે.

બોરોઅર, કાયદેસરના વારસદારો (જાણમાં હોય - જાણમાં ના હોય) કાયદેસરના પ્રતિનિધિઓ (જાણમાં હોય - જાણમાં ના હોય), ગેરન્ટર અને જાહેર જનતાને આ સાથે સાવધાન કરવામાં આવે છે કે, આ પ્રોપર્ટી સામે કોઈ સોદો કરવો નહીં અને જો આ પ્રોપર્ટી સામે કોઈ સોદો કરાશે તો તે **ભારતીય સ્ટેટ બેંક- એયએલસી- સાઉથ** ને **રૂા.૨૩,૩૭,૧૨૧.૦૦ (રૂપિયા ત્રેવીસ લાખ સાડત્રીસ હજાર એકસો એકવીસ પૂરા), તારીખ ૨૮-૦૧-૨૦૨૬** સુધીના, **લોન એકાઉન્ટ નં. ૩૬૧૭૫૩૫૦૨૬૪** સામે બાકી નીકળે છે વત્તા વધારાનું વ્યાજ અને પ્રાસંગિક ખર્ચા, કોસ્ટ, ચાર્જિસ વગેરે ચૂકવણી તારીખ સુધીનું જમા કરાવવાનું રહેશે.

આમ, સમય રહેતાં ઉપરોક્ત એકટની કલમ ૧૩ ની પેટા કલમ (૮) ની જોગવાઇ મુજબ બોરોઅરનું સલામત અસ્કયામત છોડાવવા ધ્યાન દોરવામાં આવે છે.

ગિરો મુકાયેલ મિલકતનું વર્ણન

સ્થાવર મિલકતનો તમામ ભાગ અને હિસ્સો, જે રજિસ્ટ્રેશન ડિસ્ટ્રીક્ટ વડોદરા, સબ ડિસ્ટ્રીક્ટ - વડોદરા, મોજે - જાંબવા, રે. સ. નં. ૪૩૨ ધરાવે છે. જે "વ્રજધામ સોસાયટી" નામે બંધાયેલ છે, જેનો બ્લોક નં. એ/૩૩૦, પ્લોટ એરીયા ક્ષેત્રફળ ૭૯૧.૦૦ ચો.ફુટ, બાંધકામ એરીયા ક્ષેત્રફળ ૪૩૦.૦૦ ચો.ફુટ, અવિભાજિત પ્લોટ અને જમીન એરીયા ક્ષેત્રફળ ૫૮૦.૦૦ ચો.ફુટ થઇને કુલ એરીયા ક્ષેત્રફળ ૧૩૭૧.૦૦ ચો.ફુટ થાય છે.

ચતુઃસીમા આ મુજબ છે:

પૂર્વ- ૬ મીટર રોડ | **પશ્ચિમ- બ્લોક નં. એ/૨૬૪**

ઉત્તર- ૬ મીટર રોડ | **દક્ષિણ - બ્લોક નં. એ/૩૨૯**

તારીખ: ૦૨-૦૭-૨૦૨૬

સ્થળ: વડોદરા

સહી - અધિકૃત અધિકારી

ભારતીય સ્ટેટ બેંક, એયએલસી - સાઉથ